# મોબાઇલ સ્નેચીંગનો ગુન્હો ઉકેલી ગુનેગારને ગણતરીના સમયમાં ઝડપી પાડતી ઉધના પોલીસ.

સુરત શહેર ઉધના પો.સ્ટે. I ગુ.ર.નં. ૩૧૭/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯(એ)(૧)(૩), ૧૧૪ મુજબના કામે ફરીયાદીશ્રીનાઓ રીક્ષામા બેસી જતા હતા તે વખતે એક મોપેડ એક્સેસ જેનો રજી. નં. **GJ-05-SQ-2416** ઉપર બે ઇસમો પૈકી પાછળ બેસેલ ઇસમે **VIVO V7+ BLACK** કલરનો કિં.`. ૩૦૦૦/- ની મત્તાનો મોબાઇલ ફરીયાદીશ્રીના હાથમાંથી ઝુંટવી લઇ નાસી ગયેલ. જે ગુનાના આરોપીને પકડી પાડવા ઉધના પો.સ્ટે.ના પોલીસ માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.સ્ટે. ના અ.પો.કો. દિલુભા કનુભા તથા અ.પો.કો. સહદેવસિંહ મહિણપતસિંહ નાઓને બાતમી હકીકત આધારે સદરી ગુનાના આરોપી (૧) સુમંત ઉર્ફે રૂષી ધોબા શાહુ ઉ.વ. ૨૦ રહે. પ્લોટ નં.૨૬૦, શીવહિરાનગર નવાગામ ડીંડોલી, સુરત તથા (૨) દિપક ભિકન પાટીલ ઉ.વ. ૨૦ રહે. ઘર નં.૯૧, ગણેશનગર લાલ બિલ્ડીંગની સામે, નવાગામ, ડીંડોલી, સુરત શહેરનાઓને પકડી પાડી અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.